# નયના કથાનક

એક મહિના પહેલાં...

મારા છેલ્લા ઈ-મેઇલે મમ્મીના મનને બેચેન કરી નાખ્યું હતું. તે મને લેવા હૉસ્ટેલ દોડી આવી. તેના આવવા પાછળ બીજું કારણ મારા ડૉક્ટરને રૂબરૂ મળવાનું હતું. ડૉક્ટરનું માનવું હતું કે હું છેલ્લા કેટલાક સમયથી ઓવર ઇમેજિનેશનની બીમારીથી પીડાઈ રહી છું. ડૉક્ટરે મારી માનસિક બીમારીને એક લાંબું વૈજ્ઞાનિક નામ આપ્યું હતું, પણ હું જાણતી હતી કે તે મારા વધુ પડતા વિચારવાનું પરિણામ હતું.

“તું સાચે જ જઈ રહી છે?” નિયતિએ મારો હાથ પકડીને કહ્યું.

“હા.” મેં જવાબ આપ્યો પણ હું તેની આંખોમાં જોવાની હિંમત ન કરી શકી. મારી પાસે મિત્ર કહી શકાય તેવાં બે જ હતાં, નિયતિ અને અનુરાધા. એ સિવાય એ કૉલેજમાં કોઈને મારા અસ્તિત્વની ખબર હતી કે કેમ એ હું ચોક્કસ કહી શકું તેમ નથી.

તે એકાએક મને ભેટી પડી, “તું કાયમ માટે જાય છે?” તેણે કહ્યું ત્યારે તેની આંખો ચૂવા લાગી હતી.

“હા, કાયમ માટે.” મેં કહ્યું. મારો અવાજ પણ લાગણીના ઊભરાથી તરડાઈ રહ્યો હતો.

“તારે જવું જોઈએ.” તેણે મને ગળે લગાવી રાખીને જ મારા કાનમાં કહ્યું.

“તું આવું કેમ કહે છે?” મેં પૂછ્યું, “તું તો મારી ફ્રેન્ડ છે.”

“ફ્રેન્ડ છું એટલે જ રોજ તને રડતી જોઈ શકું તેમ નથી.” તે મને કસીને વળગી રહી, “તને નાખુશ અને રડતી જોવા કરતાં તો તું જોવા જ ન મળે એ સારું.”

મેં આંસુઓનો પ્રતિકાર કરતાં આંખો ખોલી. અનુરાધાએ અમને બંનેને ગળે લગાવી લીધી, “યાર તમે બહુ ઇમોશનલ છો.” તે રડતી ન હોય તેવો ઢોંગ કરતાં બોલી.

“તું જાણે છે અનુરાધા, આપણે છૂટા પડતી વખતે ગળે કેમ મળીએ છીએ?” અમે એ બેડ પર ગોઠવાયાં જેના પર અમે બહુ લડ્યાં હતાં, રિસાયાં અને મનાયાં હતાં.

“કેમ કે એવું કરવાનું મન થાય છે.” અનુરાધાએ બેડ પરથી નીચે લટકાવી રાખેલા પગની એડીઓ ફર્શ પર ઠપકારતાં જવાબ આપ્યો. એડીઓ ઠપકારવી તે તેના નર્વસ હોવાની નિશાની હતી.

“ના.”

“તો?” અનુરાધાએ પૂછ્યું.

“તને ખબર છે આપણાં હૃદય આપણી છાતીમાં જ કેમ છે? કેમ આપણી પીઠ તરફ નથી?” મેં અનુરાધાને ફરી પૂછ્યું. હું અને નિયતિ હંમેશાં પ્રશ્નો કરીને તેને ગૂંચવી નાખતાં.

“મને ખબર નથી.” અનુરાધાએ નાની બાળકી જેવી નિર્દોષતાથી સ્વીકાર્યું.

“આપણાં હૃદય આપણી છાતીમાં આપ્યાં છે, જેથી આપણે ગળે મળીએ ત્યારે એકબીજા સાથે હૃદય પણ મળી જાય.” મેં કહ્યું.

"અને તારો જવાબ?" તેણે નિયતિ સામે જોયું.

"એ જ! છૂટા પડતી વખતે આપણે ગળે મળીએ છીએ, જેથી હૃદય એકબીજા પાસેથી ફરી ન મળીએ ત્યાં સુધી દૂર રહી શકવાની શક્તિ મેળવે છે."

તેના શબ્દોએ મારી આંખોમાં મેં બાંધી રાખેલા ડૅમની દીવાલો તોડી નાખી અને આંસુઓનો પ્રવાહ મુક્તપણે વહેવા લાગ્યો. આમ પણ આંસુઓ પર મારો ક્યારેય કાબૂ ન રહેતો.

"રડીશ નહીં." અનુરાધાએ મને વહાલથી શાંત કરવા પ્રયાસ કર્યો.

"મને રડવા દે."

"તેને આંસુ ખેરવી લેવા દે." નિયતિએ મારી વાતને ટેકો આપ્યો અને અમારા બંનેના ખભા પર હાથ મૂક્યો, "આજ તેના રડવાનો છેલ્લો દિવસ છે."

"અને આપણે? નયના વગર આ શાપિત હૉસ્ટેલમાં રહી શકીશું?" અનુરાધાએ નિસાસો નાખ્યો.

"હા." નિયતિએ જવાબ આપ્યો, "તેના વગર રહેવું, તેને અહીં રહીને રોજ રડતી જોવા કરતાં વધારે મુશ્કેલ નહીં પડે."

તેની વાત સાચી હતી. હું કૉલેજમાં નયના-કૅન-ડુ-નથિંગ તરીકે ઓળખાતી અને કૉલેજથી હૉસ્ટેલના રૂમે પહોંચતાં જ મારે તેમના ખભાની જરૂર પડતી. તેઓ મને સાંત્વના આપતાં. તે બંને બહાદુર હતાં, મારી જેમ શરમ અને ડર તેમના વ્યક્તિત્વમાં જ નહોતાં. તેમની ઉદાસીનું કારણ માત્ર અને માત્ર હું હતી. મને રડતી જોવી તેમનાથી સહન ન થતું. એક રીતે હું તેમને છોડીને તેમને કાયમની પરેશાનીથી છુટકારો આપવા જઈ રહી હતી.

એ પછી તેમણે મને કપડાં અને સામાન પૅક કરવામાં મદદ કરી.

"હું દર અઠવાડિયે તમને મળવા આવીશ." હજુ મારો અવાજ રડમસ હતો.

"તું જે નિભાવી ન શકે તેવાં વચન ન આપ." અમે બધાં જાણતાં હતાં કે હું જે વચન આપી રહી હતી તે પાળવું અસંભવ હતું.

"અમુક સમયે વચન આપવું મહત્ત્વનું હોય છે, તેને પાળવું નહીં." મેં કહ્યું.

"અને અમુક સમયે તમે વચન આપ્યું ન હોય તો પણ પાળવું મહત્ત્વનું હોય છે." નિયતિએ કહ્યું.

તત્ત્વજ્ઞાન નિયતિનો મનપસંદ વિષય હતો અને તેના શબ્દો એટલા ગૂઢ હતા કે અનુરાધાને ક્યારેય ન સમજાતા.

"તમારી વાતો મારા માથા ઉપરથી જાય છે." અનુરાધા બોલી.

"તો જવા દે." મેં તેની આંખોમાં જોતાં કહ્યું, "તારે સમજવાની જરૂર નથી." હું તેના ભાવ કળી શકી નહીં, કેમ કે તેની આંખો મારી આંખો જેમ આયનો નહોતી.

"કેમ?" તેણે પૂછ્યું.

"કેમ કે તું અમને સમજે છે." મેં મારી લાગણીઓને સમજાવવા પ્રયત્ન કર્યો. આનંદ અને દુઃખ બંને લાગણીઓ મારા મનમાં દોડ લગાવતી હતી. એ કૉલેજથી છુટકારો મળવાનો હતો એટલે હું ખુશ હતી અને મિત્રો ગુમાવવા બદલ દુઃખી.

“તો ચાલ આપણે ખોટાં વચનો આપીએ જે ક્યારેય નહીં નિભાવીએ.” નિયતિએ કહ્યું અને અમે ત્રણેય એકબીજાને ફરી ભેટી પડ્યાં.

“ઓહ, નિયતિ તમારા વગર હું શું કરીશ?” મેં કહ્યું.

“અમે જે કરીએ એ તું પણ કરજે,” નિયતિએ કહ્યું, “ક્યારેક રડજે અને બાકીનો સમય અમને યાદ કરજે.”

એ પછી અમે વાતો કરી, એકબીજાને સાવ ખોટાં વચનો આપ્યાં, જેમ કે એક અઠવાડિયે હું તેમને મળવા મુંબઈ આવીશ અને બીજા અઠવાડિયે તેઓ મને મળવા નાગપુર આવશે. અમે જાણતાં હતાં કે એ વચનો સાવ ખોટાં છે છતાં અમને એમ કરવામાં મજા આવતી હતી.

તેમણે એમના કેટલાક ડ્રેસ મારી બૅગમાં મૂક્યા અને મારા બે ડ્રેસ મારી યાદરૂપે લઈ લીધા. જ્યારે મમ્મી મારા રૂમમાં દાખલ થઈ ત્યારે હું બે સૂટકેસ અને એક બૅગમાં મારો સમાન પૅક કરીને તૈયાર હતી. છૂટાં પડતી વખતે અનુરાધા અને નિયતિ મને વારાફરતી ગળે મળ્યાં અને અમે ફરી આંસુઓ વેડફ્યાં. વિશ્વાસ થાય તેવું નથી, પણ મુંબઈની આર્ટ્સ કૉલેજની છોકરી હોવા છતાં મને વળાવવા આવે તેવો કોઈ છોકરો નહોતો. હા, મારી કલ્પનાઓમાં જરૂર હતો. દરેક કૉલેજિયન પાસે કૉલેજની મીઠી યાદો હોય છે, પણ મારી પાસે હેરાન થયાની કડવી યાદો સિવાય કંઈ જ નહોતું.

હૉસ્ટેલમાં પણ અનુરાધા અને નિયતિ સિવાય કોઈ મારા પર ખાસ ધ્યાન આપતું નહીં. નિયતિ અને અનુરાધા પાર્ટટાઇમ સ્ટુડન્ટ હતાં. તેઓ મૉલમાં નોકરી કરતાં એટલે માત્ર રવિવારે જ અમે આખો દિવસ સાથે રહેતાં. બાકીના દિવસો કૉલેજમાં જે થયું હોય તે સંભળાવીને તેમના ખભા પર માથું મૂકી રડવા માટે મારે સાંજ સુધી રાહ જોવી પડતી.

અમે હૉસ્ટેલ બહારથી ટૅક્સી ભાડે કરી ત્યારે સવારના દસ થયા હતા છતાં ગરમી એટલી હતી કે અમારા કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં. ટૅક્સી ઊપડી એટલે મેં હૉસ્ટેલ તરફ છેલ્લી નજર નાખી. મને સમજાતું નહોતું કે હું ખુશ હતી કે ઉદાસ, કેમ કે ટૅક્સી બને તેટલી ઝડપે મને મારા માટે દુઃસ્વપ્ન જેવા શહેર મુંબઈથી દૂર લઈ જઈ રહી હતી. લગભગ અડધા કલાક પછી અમે મુંબઈ સેન્ટ્રલ પહોંચ્યા.

ટ્રેન સ્ટેશન પર જ હતી, મુંબઈથી નાગપુરની લોકલ ટ્રેન. હું મમ્મી સાથે કમ્પાર્ટમેન્ટમાં જઈને બેઠી. અમારો કમ્પાર્ટમેન્ટ નૉન-એસી હતો, જેમાં 3 ટિયર સિટિંગ સ્ટાઇલ હતી જે 3x2માં થર્ડ એસીની નકલ ઉતારેલી હતી. ટ્રેન ઊપડવાને હજુ વાર હતી, પણ ધક્કામુક્કીમાં ચડવા કરતાં પહેલેથી બેસવું સારું. લોકલ ટ્રેનમાં સામાન્ય રીતે જોવા મળતી દરેક વસ્તુઓ ટ્રેનમાં હતી. વધુ પડતી ભીડ અને એકદમ ઓછી સ્વચ્છતા. મને લોકલ ટ્રેનમાં મુસાફરીનો અનુભવ હતો. હું ટ્રેનમાં ભાગ્યે જ બાથરૂમનો ઉપયોગ કરતી. ક્યારેક લાંબી મુસાફરી દરમિયાન.

મારી સામેની સીટ પર મારી મમ્મી રેખા બેઠી હતી. તેણે રોજની જેમ આછી ગુલાબી સાડી પહેરી હતી. મારી મમ્મી મારી જેમ સપ્રમાણ નહોતી. એ ગૃહિણીની જેમ મારાથી થોડીક જાડી હતી. મારા કરતાં તે ઊંચાઈમાં પણ સહેજ નીચી હતી, પણ તે હસમુખી હતી. તેના ચહેરા સામે જ્યારે હું દેખું ત્યારે અપાર સ્નેહ નીતરતો મને દેખાતો.

પણ અત્યારે તે વિચારોમાં ખોવાયેલી હતી. એના મનમાં શું વિચારો હતા એ હું જાણતી હતી. મમ્મી સતત મને જોઈ રહી હતી. એની આંખોમાં જે પ્રશ્ન હતા તેનાથી બચવા મેં બારી બહાર તાકી એને અવૉઇડ કરવાનો પ્રયત્ન કર્યો.

બારી બહાર વાતાવરણ બૉમ્બે સેન્ટ્રલ પર જોવા મળતા સામાન્ય દિવસ જેવું જ હતું. કુલી બૉમ્બે સેન્ટ્રલની ગિર્દીને ચીરતા કોઈને ધક્કો પણ ન વાગે એ રીતે માર્ગ કરતા હતા. બાજુના ટ્રૅક પર દેહરાદૂન એક્સપ્રેસ ઊપડવાની તૈયારીમાં હતી. ટ્રેન છેલ્લા કેટલાક મુસાફરો ફર્સ્ટ ક્લાસ કમ્પાર્ટમેન્ટમાં ગોઠવાય એની રાહ જોતી હતી.

વૅકેશન હતું માટે માનવમેદની ઊમટી હતી. વિશાળ સ્ટેશન પણ કોઈ બંધિયાર સ્થળ જેવું બની ગયું હતું. ઉનાળો હતો પણ કોઈને ગરમીની પડી નહોતી. બધાના શરીર અને ચહેરા પર અલગ સ્ફૂર્તિ, ધાંધલ અને ધમાલ દેખાતી હતી. કોણે કહ્યું સ્ફૂર્તિ ફક્ત શિયાળામાં જ હોય છે?

એક-બે માણસો કમ્પાર્ટમેન્ટને અઢેલીને લહેજતથી સિગારેટના કસ ખેંચી રહ્યા હતા. આદત મુજબ મારી આંખો બહારના સમુદાયનું ઝીણવટભર્યું અવલોકન કરવા લાગી. અવલોકન પહેલેથી મારી આદત હતી. મને રસ્તામાં એક જૂતું દેખાય તો હું એના વિશે વિચારવા બેસી જતી. બીજું જૂતું ક્યાં હશે? કોઈએ આ જૂતું કેમ ફેંક્યું હશે? એ કોના પગનું હશે? એવા ઘણા સવાલો મારા મનમાં ઊભરી આવતા. મને એ ખબર નહોતી કે આસપાસનું ઝીણવટભર્યું અવલોકન કરવાની આદત મારા માટે કેટલી નુકસાનકારક સાબિત થશે. એ આદત મને કેટલી મોટી ગૂંચમાં ફસાવી દેશે.

ટ્રેન કોઈ મુસાફર રહી તો નથી ગયું એની ખાતરી કરતી હોય એમ એકબે સીટી વગાડી અને થોડીક વારમાં એ ભીડ અને બંધિયાર વિસ્તારને છોડી હરિયાળીને ખૂંદવા લાગી. હવે બારી બહાર ગૂંગળાવી મારનાર મુંબઈની ઇમારતોને બદલે મનને પ્રસન્નતા આપવા અવતરેલાં સંત જેવાં વૃક્ષો પોતાનાં ઊંડાં મૂળિયાં જમાવી ઊભાં હતાં.

સૂર્ય જરાક ઊંચો આવ્યો હતો છતાં એનાં કિરણો ગરમ લાગવા માંડ્યાં. કિરણો બારી બહાર દેખાતાં વૃક્ષોનાં નવાં કૂણાં પાન સાથે રમતાં હતાં. એ પાનને ચમકાવી રહ્યાં હતાં. આકાશ એકદમ સ્વચ્છ હતું. ક્યાંય કોઈ વાદળ નહોતાં, બસ ક્યાંક સવારથી ખોરાકની શોધમાં નીકળેલાં પક્ષીઓ ઊડતાં હતાં. ટ્રેનના પાટાની નજીક ઠેર-ઠેર કચરાના ઢગલા અને જૂનાં-પુરાણાં કપડાં રખડતાં હતાં. મારી આદત મુજબ મને પાટાની બંને તરફ જોવા મળતાં આવાં કપડાં જોઈ થતું કે શું આ ટ્રેન નીચે આત્મહત્યા કરનારનાં કપડાં હશે?

મેં થોડીક વાર એ કપડાં વિશે વિચાર્યું. મને વધુ પડતું વિચારવાની આદત કે બીમારી હતી. એ કપડાં, એ કચરાના ઢગલા અને ઇજનેરોએ ટ્રૅકના કામ બાદ છોડેલો વધારાનો સામાન મારા માટે વિચારવાનો વિષય બની ગયો.

મમ્મી મને ઘણી વાર કહેતી મને ઓવર-ઍક્ટિવ ઇમેજિનેશનની આદત હતી, પણ હું મારી કોઈ જ મદદ ન કરી શકતી. હું ગમે તેટલી મહેનતે વિચારોને રોકવાની કોશિશ કરું, મારું મગજ કોઈ પણ નજીવી બાબત વિશે વધુ પડતું વિચારવા લાગતું.

મને ટ્રેનની મુસાફરી પસંદ નહોતી, પણ મુંબઈ-નાગપુર વચ્ચે અલગ વાત હતી. અહીંની હરિયાળી ટ્રેનમાં આવતા કંટાળાને ક્યાંય ગાયબ કરી નાખતી. અહીં દિલ્હીની જેમ વેરહાઉસ, વૉટર ટાવર, બ્રિજ અને પોસ્ટ મૉડર્ન મોગલ ઇમારતો જોઈ બોર થવાનું નહોતું. બસ આંખો સામે વૃક્ષો જ દોડ્યા કરે.

હું પાટાની નજીક આમતેમ વિખરાયેલા અલગ અલગ આકાર અને વિવિધ કદના પથ્થરોને જોઈ રહી. ક્યારેક કોઈ પથ્થરને લાલ જોતાં જ મારું મન મને એક અંદેશો મોકલતું હતું કે કદાચ એ ટ્રેન નીચે ઝંપલાવનાર કોઈ પ્રેમી યુગલના લોહીથી ખરડાયેલો હશે. ત્યારે મને ક્યાં ખબર

હતી કે હું હત્યા અને આત્મહત્યાની હારમાળામાં સામેથી ચાલીને જઈ રહી છું! નાગપુરમાં કોઈ એવું રહસ્ય મારી રાહ જોઈ રહ્યું હતું જેનાથી હું બિલકુલ અજાણ હતી.

હું બાળપણથી જ એવી હતી. મને કોઈ પણ વસ્તુ જોયા પછી એના વિશે ખૂબ જ વિચારવાની આદત હતી. એ આદતને લીધે હું કપિલને મળી એ દિવસથી જ એના વિશે વિચારવા લાગી. કપિલ હદથી વધારે ઇન્ટરેસ્ટિંગ હતો. તે ઊંચો, દેખાવડો, સ્માર્ટ અને કદાચ અમારી કૉલેજમાં માત્ર એક એવો છોકરો હતો જે બ્રાન્ડેડ એટાયર પહેરતો હતો. એ મૅચિંગનો શોખીન હતો. તેનાં કપડાં, તેની બૅગ, તેના બૂટ અને તેની વૉચ બધું જ મૅચિંગ રહેતું. તેનો આઉટફિટ અને ઍટિટ્યૂડ બંને પર્ફેક્ટ જ હતા. તેને પણ મારી જેમ જ ઓછું બોલવાની આદત હતી. એની કોઈ ચીજ મને ન ગમતી તો એનો ગુસ્સો અને અફસોસ કે તે મોટા ભાગે ગુસ્સામાં જ હોય.

થોડીક વારમાં ટ્રેનના પાટા ડાબી તરફ વળ્યા. એ કચરાના ઢગલા અને જૂનાં-પુરાણાં કપડાંઓ મારી આંખ સામેથી ગાયબ થઈ ગયાં. હવે એને બદલે ઇજનેરોએ ટ્રૅકના સમારકામમાં વધેલા મટીરિયલના ઢગલા જોવા મળતા હતા, પણ એમાં કંઈ ખાસ વિચારવા જેવું નહોતું. થોડાક સમય પહેલાં જ બધા નૅરોગેજ પાટાઓ બ્રૉડગેજમાં ફેરવાયા હતા એટલે વધેલું મટીરિયલ ઠેકઠેકાણે રખડતું જોવા મળે એ સામાન્ય હતું. મને હંમેશાં નવાઈ લાગતી લોકો ઘર આગળ પાર્ક કરેલી જૂની સાઇકલે ચોરી જઈ ભંગારમાં વેચી દેતા હોય છે, પણ રેલવેનું મટીરિયલ આમ ઢગલામાં પડ્યું હોય તોય કોઈ એ તરફ જોતું પણ કેમ નથી? કદાચ રેલવે પોલીસ શહેરી પોલીસ કરતાં વધુ સક્રિય હતી.

કોઈકનો ફોન રણક્યો, કોઈ ખુશીનું અને અનબીટ સૉન્ગ રિંગટોનમાં સંભળાયું. એ વ્યક્તિ ફોન પર કંઈક વાત કરવા લાગી. એક હું જ હતી જેની નજર એ તરફ થઈ હતી, બાકી બધા પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. કોઈએ એ તરફ ધ્યાન પણ ન આપ્યું. એ ફોનવાળી વ્યક્તિની પાસે જ બેઠેલો જુવાનિયો પોતાનું પૂરું ધ્યાન તેના આઇપૉડના સૉન્ગમાં આપી રહ્યો હતો. બીજી તરફ બેઠેલી છોકરી પોતાના મિની લૅપટૉપના કીપેડનો ટ્રેનની સ્પીડે ઉપયોગ કરતી હતી. મને લાગ્યું કે એ ફ્રી-લૅન્સર કે કૉપી-રાઇટર હશે, નહીંતર કન્ટેન્ટ-રાઇટર. એની સ્પીડ જોતાં એ એડિટર કે પ્રૂફ-રીડર ન હોઈ શકે એ ચોક્કસ હતું. બાકીના લોકોમાંથી મોટા ભાગના લોકો પોતાના મોબાઇલને ટેપ કરવામાં વ્યસ્ત હતા. ન્યૂઝપેપરના રસટલ, કૉમ્પ્યુટર ટેપિંગ અને કોઈ કોઈની હળવી વાતોનો અવાજ મને સંભળાતો હતો.

“નયના.” મમ્મીએ મારા ચહેરા પરથી આંખો હટાવ્યા વિના જ પૂછ્યું, “બેટા, તું ખરેખર એવું ઇચ્છે છે?”

કદાચ મમ્મી થોડી મૂંઝવણમાં હતી કે હું કેમ મુંબઈની કૉલેજ છોડીને એ નાનકડા શહેરમાં કૉલેજ કરવા ઇચ્છતી હોઈશ. નવાઈ લાગે તેવી વાત પણ હતી. મોટા ભાગની છોકરીઓ મુંબઈ જવાનું સપનું જોતી હોય છે અને હું મુંબઈ છોડી જવા જીદ કરતી હતી. કદાચ મનેય ખબર નહોતી કે કેમ, કદાચ મને મારું નસીબ ત્યાં ખેંચી રહ્યું હતું, કદાચ મારો અને કપિલનો પ્રેમ એ શહેરમાં મારી રાહ જોઈ રહ્યો હતો. કદાચ... બસ ફરી એક વાર મારા વધુ પડતું વિચારવાવાળા સ્વભાવે સંભાવનાઓ શોધવાનું શરૂ કરી દીધું, પણ મમ્મીનો આભાર કે તેણે મારા મનને એવું કરવા માટે સમય જ ન આપ્યો.

“નયના, મને સમજાતું નથી.”

હું જવાબ આપું કે નહીં એની ચિંતા કર્યા વગર જ મમ્મીએ બીજો સવાલ કર્યો. મમ્મીની

આદત હતી સામેવાળી વ્યક્તિ તેની વાત પર કેટલું ધ્યાન આપે છે એના પર મમ્મી ક્યારેય ધ્યાન ન આપતી. મૂંઝવણમાં જ મેં નજર વિદેશી ફૂલોની ભાતવાળા મારા ડ્રેસ પર કરી. જવાબ શોધવા મેં દુપટ્ટાથી મોં લૂછ્યું. જોકે મારા ચહેરા ઉપર પરસેવો નહોતો, કારણ ટ્રેન ચાલુ હતી, પણ એમ કરવાથી હું મારા ભાવ ન બદલી શકી. વાતે વાતે મોટી થઈ જતી મારી આંખો મારી મૂંઝવણની ચાડી હંમેશાં ખાઈ જતી. મારો ઊજળો ચહેરો, કુદરતી ગુલાબી હોઠ, લાંબી પાંપણોમાં શોભતા ચહેરામાં મારી આંખો જ મારી પરિસ્થિતિ મારા મનોભાવ છતાં કરવાની ગદ્દારી કરી દેતી.

“શું નથી સમજાઈ રહ્યું મમ્મી?” મેં જાણીને અજાણ બનવાનો પ્રયત્ન કર્યો. મારા ચહેરા પર એ શું પૂછી રહી છે એનાથી એકદમ અજાણ હોઉં એવા ભાવ મેં લાવ્યા. ખબર નહીં હું મારા પ્રયાસમાં કેટલી સફળ રહી હતી.

“બેટા, કેટલી જીદ કરીને તું હૉસ્ટેલ ગઈ હતી અને હવે આમ જ કોઈ કારણ વિના તું હૉસ્ટેલ છોડી દેવા માગે છે. આપણી કૉલેજમાં તો માંડ ચારસો-પાંચસો છોકરા-છોકરીઓ છે, તું જ્યાં છે ત્યાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ છે. એ કૉલેજનું નામ પણ છે.” મમ્મીએ મને યાદ કરાવ્યું. આ બધું મેં જ મમ્મીને કહેલું જ્યારે હું જીદ કરીને શહેર ભણવા ગઈ હતી.

“પણ હવે અમારી કૉલેજનું માત્ર નામ જ છે.” મેં વાત ઊપજાવી કાઢી, “નામ બની ગયા પછી કોઈ ક્વૉલિટીનું વિચારતું જ નથી. હવે એ લોકો પાસે નામ છે અને એમના નામને લીધે એમને ફુલ ઍડ્મિશન મળી રહે છે. હવે ત્યાં ભણાવવાનું પહેલાં જેવું નથી રહ્યું.”

“પણ આપણી કૉલેજમાં તો માંડ એકાદ-બે લેક્ચર દિવસે લેવાય તો ભલે. અને એમાંય મોટા ભાગે બધાં છોકરા-છોકરીઓ તો બહાર જ ફરતાં હોય છે. કોઈ કૉલેજના ક્લાસમાં હોય છે કે નહીં મને તો એય નવાઈ લાગે છે. મને હજુય નથી સમજાઈ રહ્યું તને શું થઈ ગયું છે નયના? તું કેમ એવી કૉલેજમાં ભણવા માગે છે?” મમ્મીના પ્રશ્નમાં મૂળ તો મારા ભવિષ્યની જ ચિંતા તરી રહી હતી. છતાં મને મમ્મીની વધુ પ્રશ્નો કરવાની આદત ન ગમી. મારી પાસે કારણ હતું એ મમ્મીને સમજાવી શકાય એમ નહોતું. મમ્મીને એમ તો ન જ કહી શકાયને કે મને સપનામાં નાગપુર જંગલના છેવાડે ભેડાઘાટ પર દેખાતા મારા સપનાના યુવકને શોધવા હું નાગપુર આવવા માગું છું.

“નાની કૉલેજોમાં સારું ન ભણાવતા એ તો પહેલાં, હવે એવું નથી રહ્યું મમ્મી. હવે બધું બદલાઈ ગયું છે. જે કૉલેજો નાની છે અને જેમનું નામ નથી એ જ સારું ભણાવે છે. એ કૉલેજના ટ્રસ્ટીઓ પોતાની કૉલેજનું નામ રેપ્યુટેડ કૉલેજના નામમાં જોવા માગે છે.” મારા સપનાના યુવકની અને મારા કાનમાં એકાએક સંભળાવા લાગતા સંગીતની હકીકત મમ્મીને કહી શકાય એમ નહોતી માટે મેં એક લૉજિકલ દલીલ તૈયાર રાખી હતી. એના સિવાય મારી પાસે કોઈ જવાબ નહોતો, પણ જવાબ આપ્યા વિના ચાલે એમ પણ નહોતું.

જ્યાં સુધી મમ્મીને એના પ્રશ્નનો જવાબ ન મળે એ પ્રશ્નને ફેરવીને પૂછતી જ રહે. મમ્મીનો સ્વભાવ એવો જ હતો. એને વધુ બોલવું પસંદ હતું જ્યારે મને પપ્પાની જેમ ઓછું બોલવું.

આ જ તફાવતના લીધે મમ્મી અને પપ્પા વચ્ચે ઓછું બનતું હતું. ઓછું બનતું મતલબ એમની વચ્ચે ઝઘડા ન થતા, પણ બસ નાના નાના વિવાદો સર્જાયા કરતા.

“હશે. તું કહે એમ કદાચ નાની કૉલેજોમાં સુધારો આવ્યો હશે, પણ એનો મતલબ એ નથી કે એ કૉલેજો મુંબઈની નામાંકિત કૉલેજ કરતાં પણ સારું ભણાવવા લાગી હોય.”